PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૧/ક્વા-03/૨૦૨૩-૨૪/ 3537-4 તારીખ : 03-11-2023

**રજી. એડી. પત્ર**

પ્રતિ,
સીસમ ગ્રેનીટો એલ.એલ.પી.
સેવન સેરામોલ પાછળ સર્વે નં. ૧૯૭ જેતપર રોડ,
મું. પો. : બેલા , તા. : મોરબી, જી. : મોરબી,
પીન કોડ. : ૩૬૩૬૪૨
મોબાઈલ : ૯૫૧૨૩૦૦૦૬૫

વિષય : ગ્રાહક નં.૩૩૫૩૮ માં મેં મહિનાના સોલાર યુનિટ સંદર્ભમાં સેટઓફ યુનિટ ન મળવા અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. 03-૧૦-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૦૧/ક્વા-03/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, મોરબી.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, મોરબી-૨.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, જેતપર મોરબી.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com

**પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૦૧/ક્વા-૩/૨૩-૨૪/3537-5** તા. 03-11-2023

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

**નોંધણી નંબર -૦૧/ક્વા-૩/૨૩-૨૪, તા.૦૩-૧૦-૨૦૨૩**

અરજદાર : શ્રી સીસમ ગ્રેનાઈટો એલ.એલ.પી., ગામ: બેલા

રજૂઆત કરનાર : અરજદાર વતી તેમના પ્રતિનિધિ તરીકે શ્રી ટી.બી.ભીમાણી અને શ્રી સાવન કૈલા

:: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – મોરબી – ૨

રજૂઆત કરનાર : શ્રી જે.સી.ગોસ્વામી, કાર્યપાલક ઈજનેર અને શ્રી જી.એન.જાદવ, અધીક્ષક (રેવ.), પી.જી.વી.સી.એલ.,વિભાગીય કચેરી,મોરબી-૨

:: કોરમ ::

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી આર. સી. પટેલ

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : ૧૭.૧૦.૨૦૨૩ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૭.૧૦.૨૦૨૩ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

:: અરજદારની રજૂઆત ::

**2.0** M/S Sisam Granito LLP having HT connection consumer number 33538 of contract demand 2940 KVA at-Village-Bela, Tal.-Morbi, Dist-Morbi.

2.1 Applicant purchasing 1 MW solar power since Dec-2019 from M/s Aasan solar power LLP having its solar generating plant at Vill-Padana, Tal.-Jodiya, Dist-Jamnagar.

2.2 Applicant regularly receiving set off units in monthly bill as per wheeling agreement executed between PGVCL and M/s Aasan Solar LLP on dated 18-11-2019.

2.3 ABT meter was installed by applicant for setoff units of solar generation. The said ABT meter was damaged on dated 03-06-2023 and accordingly requested to PGVCL for replace said meter by other HT meter having 0.5s class and accordingly PGVCL has replaced CTPT and meter on dated 03-06-2023.

2.4 Earlier failed ABT meter was 0.2s class. Applicant has sent this ABT meter to meter manufacturer company for repairing and after due repairs said ABT Meter was again installed on dated 21-07-23 by PGVCL.

2.5 Applicant has not received setoff unit certificate for the month of May-2023 to date: 30-06-2023 and hence written application submitted on dtd: 30-06-2023 to Executive Engineer Division-2, Morbi. But said issue neither resolved nor replied by PGVCL. Therefore applicant has submitted the grievance at forum to give directives to PGVCL to provide setoff credit certificate for the month of May-2023.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની રજૂઆત અન્વયે - પ્રી.જી.વી.સી.એલ. પક્ષકારની લેખિત રજૂઆત પત્ર નં-૪૬૪૧ તા.૧૨.૧૦.૨૦૨૩ મુજબ મેસર્સ સીસમ ગ્રેનાઈટો એલ.એલ.પી. ગ્રાહક નંબર ૩૩૫૩૮ થી ૨૯૪૦ કેવીએનું એચ.ટી. વિજજોડાણ ધરાવે છે.

3.૧ અરજદાર દ્વારા બે સોલાર જનરેટર સાથે કરાર કરેલ છે જે Sol wave Power system & Aasan Solar છે. મેસર્સ સીસમ ગ્રેનાઈટો એલ.એલ.પી. ગ્રાહક નંબર ૩૩૫૩૮ નું વીજબીલ એ.બી.ટી. મીટર નંબર GJ4414B મુજબ દર મહિનાની પહેલી તારીખે બનાવવામાં આવે છે તથા સોલાર જનરેશન ડેટા આવ્યા બાદ સોલાર યુનિટનું વીજબીલની સામે સેટઓફ કરવામાં આવે છે. જેમાં અનુક્રમે મંથલી સેટઓફ તથા ૧૫ મિનીટ સેટઓફ પદ્ધતિ મુજબ વપરાશ કરેલ વીજયુનિટની સામે સેટઓફ આપવાનો હોય છે. મંથલી સેટઓફ વાળા કરાર માટે ફક્ત કુલ સોલાર જનરેશન (Solwave Power system) તથા ગ્રાહક દ્વારા બીલના કુલ યુનિટ એમ બે જ યુનિટ પરથી સોલાર યુનિટ સેટઓફ આપી શકાય છે.

3.૨ અરજદારને માહે મે-૨૦૨૩ માં Sol wave Power system પાસેથી મેળવેલ બધાજ યુનિટના રૂ.૯૨૬૦/- જમા આપેલ છે જેની જાણકારી અરજદારને પીજીવીસીએલ દ્વારા પત્ર નંબર EEMRB-2/T-1/RPB/HT/3396 Dt.01.08.2023 થી કરેલ છે.

3.3 ફરિયાદી અરજદાર દ્વારા Aasan Solar ના કરાર મુજબ ૧૫ મિનીટમાં નોંધાયેલ વપરાશ મુજબ સેટઓફ આપવાપાત્ર છે પરંતુ અરજદારના એ.બી.ટી. મીટર નંબર GJ4414B ને તા.03.0૬.૨૦૨૩ નાં રોજ પ્રતિનિધિની હાજરીમાં સ્થળ પર ચેક કરતા માલુમ પડેલ કે મીટરની RTC ફેઈલ છે તથા અરજદારનું ૦.૨ class નું સેલ્ફ સીટીપીટી યુનિટ L.V. સાઈડે ડીફેક્ટીવ થવાને કારણે મીટરમાં નોધાતા વપરાશમાં ૩.૭૧% સ્લોનેશ નોંધાયેલ હતી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

3.૪ અરજદારના એ.બી.ટી. મીટર નંબર GJ4414B ની RTC ફેઈલ થવાને કારણે મીટરનો લોડ સર્વે ડેટા મળી શકેલ નથી જેના લીધે ૧૫ મિનીટ મુજબ સેટઓફ આપવું શક્ય ન હોય Aasan Solar સાથે થયેલ કરાર મુજબ સેટઓફ આપવા માટેના ડેટા મળેલ ન હોઈ જનરેટર સાથે સેટઓફ આપી શકાયેલ નથી અને એવરેજ બીલ GERC Supply Code 2015 Clause no. 6.58 મુજબ આપવામાં આવેલ છે તેમજ Aasan Solar સાથે થયેલ કરાર મીટરની ખામીના લીધે ડેટા પ્રાપ્ય ન હોવાથી Aasan Solar ના તમામ ૧૬૭૪૨૬ યુનિટ સરપ્લસ તરીકે દર્શાવતું સર્ટીફીકેટ પીજીવીસીએલ દ્વારા આપવામાં આવેલ છે જેની જાણ પત્ર નંબર EEMRB-2/T-1/RPB/HT/3396 Dt. 01.08.2023 થી કરેલ છે.

3.૫ અરજદારને માહે મે-૨૦૨૩ નું બીલ એવરેજ બીલ આપવામાં આવેલ છે મીટરમાં નોધાયેલ યુનિટ મુજબ આપેલ નથી, Solwave Power system પાસેથી મેળવેલ યુનિટ ૯૨૬૦/- છે તે જમા આપેલ છે, Aasan Solar ના ૧૬૭૪૨૬ યુનિટ સરપ્લસ તરીકે જમા મેળવવા માટેનું સર્ટીફીકેટ આપવામાં આવેલ છે તથા વિશેષ જણાવવાનું કે મીટરના ૩.૭૧% સ્લોનેશ અંગે કોઈ રીકવરી કરવામાં આવેલ નથી. આમ, અરજદારને માહે મે-૨૦૨૩ નું વીજબીલ પ્રવર્તમાન નિયમાનુસાર જ આપેલ છે તથા સોલાર યુનિટ જમા અને સરપ્લસ પણ આપેલ છે તેથી ઉક્ત બિલ કે ક્રેડીટ નોટ રિવાઈઝ કરવાનો પ્રશ્ન રહેતો નથી.

::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર મેસર્સ સીસમ ગ્રેનીટો એલ.એલ.પી. ગ્રાહક નંબર ૩૩૫૩૮ થી ૨૯૪૦ કેવીએનું એચ. ટી. વિજજોડાણ ધરાવે છે, તેમજ સદર અરજદાર દ્વારા સોલાર જનરેટર (૧) **M/s. Solwave Power system** (૨) **Aasan Solar Power LLP** સાથે સોલાર પાવર ખરીદવાના કરાર થયેલ છે.

૪.૨ મેસર્સ સીસમ ગ્રેનાઈટો એલ.એલ.પી. ગ્રાહક નંબર ૩૩૫૩૮ નું વીજબીલ એ.બી.ટી. મીટર નંબર **GJ4414B** મુજબ દર મહિનાની પહેલી તારીખે પીજીવીસીએલ દ્વારા બનાવવામાં આવે છે તથા સોલાર જનરેશન ડેટા આવ્યા બાદ સોલાર યુનિટના વીજબીલની સામે સેટઓફ કરવામાં આવે છે.

૪.3 તા.૧૮-૧૧-૨૦૧૯ ના રોજ મેસર્સ આસાન સોલાર પાવર એલએલપી અને પીજીવીસીએલ વચ્ચે કરાયેલ સોલાર વ્હીલીંગ એગ્રીમેન્ટ પીજીવીસીએલની નિગમિત કચેરી દ્વારા પત્ર નં- પીજીવીસીએલ/આર એન્ડ સી/૧૨૪૭૦ તા.૨૨-૧૧-૧૯ થી મેસર્સ આસાન સોલાર પાવર એલએલપીને મોકલાવેલ છે, તે મુજબ એપેન્ડીકસ-૧ અને ૨ મુજબ વિગત નીચે પ્રમાણે છે.

Installed capacity of plant – 1.0 MW
Option selected – Power purchaser and power producer do not intend to utilize renewable attributes of the generated energy towards it's RPO.
Power Producer: M/s. Aasan Solar Power LLP
Power Purchaser: M/s. Sisam Granito LLP, Consumer No.33538, CD-2940 KVA, Tarriff-HTP-1, Voltage-11 KV (Allocation = 100%)

તા.૨૬-૧૦-૨૦૨૦ ના રોજ મેસર્સ સોલ્વેવ પાવર સીસ્ટમ એલએલપી અને પીજીવીસીએલ વચ્ચે કરાયેલ સોલાર વ્હીલીંગ એગ્રીમેન્ટ પીજીવીસીએલની નિગમિત કચેરી દ્વારા પત્ર નં- પીજીવીસીએલ/આર એન્ડ સી/૧૧૦૭૨ તા.૧૧-૧૧-૨૦ થી મેસર્સ સોલ્વેવ પાવર સીસ્ટમ એલએલપીને મોકલાવેલ છે, તે મુજબ એપેન્ડીકસ-૧ અને ૨ મુજબ વિગત નીચે પ્રમાણે છે.

Installed capacity of plant – 0.53298 MW
Capacity Contracted – 0.320 MW (i.e. 60.04% of installed capacity of plant)
Option selected – Power purchaser and power producer do not intend to utilize Renewable attributes of the generated energy towards it's RPO.

**Power Producer: M/s. Solwave Power system**

Power Purchaser: M/s. Sisam Granito LLP, Consumer No.33538, CD-2940 KVA, Tarriff-HTP-1, Voltage-11 KV (Allocation = 60.04%)

૪.૪ મેસર્સ સીસમ ગ્રેનીટો એલ.એલ.પી., મે. આસાન સોલાર પાવર એલએલપી અને પીજીવીસીએલ વચ્ચે થયેલ વ્હીલીંગ એગ્રીમેન્ટ મુજબ પત્ર નં PGVCL/R&C/12470 તા.૨૨-૧૧-૨૦૧૯ માં નીચે મુજબની બાબત જણાયેલ છે.

"M/s. Aasan Solar Power LLP and M/s. Sisam Granito LLP have opted option-1 and do not intend to utilize Renewable attributes of the generated energy. Energy credit (net of applicable losses) against the consumption shall be given to the consumer on 15 minute time block basis, after giving setoff on 15 min. time block basis, if any energy remains surplus shall be treated as sale to Discom. Discom may purchase surplus at mutually agreed weighted average rate of Rs.2.55 as per the provisions of the agreement, accordingly you have to

submit an invoice for sale of excess energy to PGVCL at the address mentioned here under at the rate mentioned above.

મેસર્સ સીસમ ગ્રેનીટો એલ.એલ.પી., મે. આસાન સોલાર પાવર એલએલપી અને પીજીવીસીએલ વચ્ચે થયેલ વ્હીલીંગ એગ્રીમેન્ટનો ક્લૉઝ નં -૬ નીચે મુજબ છે.

> "6.0 Energy Accounting
>
> The solar energy granted after deducting applicable losses, shall be setoff against energy consumed by Power Purchaser at the recipient unit on 15 minute time block bases."

૪.૫ મેસર્સ સીસમ ગ્રેનીટો એલ.એલ.પી., મે. સોલ્વેવ પાવર્સ સીસ્ટમ અને પીજીવીસીએલ વચ્ચે થયેલ વ્હીલીંગ એગ્રીમેન્ટ મુજબ પત્ર નં PGVCL/R&C/11072 તા.૧૧-૧૧-૨૦૨૦ માં નીચે મુજબની બાબતો જણાયેલ છે.

"M/s. Solwave Power System and M/s. Sisam Granito LLP have opted option-1 and do not intend to utilize Renewable attributes of the generated energy. Solar energy generated after deducting applicable losses, shall be set off against energy consumed at any time during billing cycle by the consumer, after giving setoff, if any energy remains surplus shall be treated as sale to Discom. Discom may purchase surplus at rate of Rs.1.75 per Kwh as per the provisions of the agreement, accordingly you have to submit an invoice for sale of excess energy to PGVCL at the address mentioned here under at the rate mentioned above,"

મેસર્સ સીસમ ગ્રેનીટો એલ.એલ.પી., મે. સોલ્વેવ પાવર્સ સીસ્ટમ અને પીજીવીસીએલ સાથે થયેલ એગ્રીમેન્ટ તા.૨૬-૧૦-૨૦૨૦ ના ક્લૉઝ નં ૯(અ) નીચે મુજબ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot

> "9.0 Energy Accounting, Treatment of surplus energy and RPO:
> The solar energy generated after deducting applicable losses, shall be set off against energy consumed by Power Purchaser at the recipients unit as under:
> Option 1: Solar Power Projects not registered under REC Mechanism and the consumer does not take benefit of the renewable attribute.
>
> 9.0 (A) Energy Accounting:
> Adjustment of the solar energy generation shall be allowed within the consumer's billing cycle and in case Power purchaser-MSME (Manufacturing) Enterprise is availing Solar Power above 50% of its contracted demand, energy account settlement shall be carried out on 15 minute time block basis.

૪.૬ ઉપરોક્ત મુદ્દા નં ૪.૪ મુજબ ફરિયાદી અરજદાર દ્વારા થયેલ વ્હીલીગ એગ્રીમેન્ટ મુજબ સોલાર પાવર પ્રોડ્યુસર મેં. આસાન સોલાર પાવર અને સોલાર પાવર પરચેઝર તરીકે મેં. સીસમ ગ્રેનીટો એલ.એલ.પી. નોંધાયેલ છે, તેમજ સદર એગ્રીમેન્ટના ક્લૉઝ નં -૬ મુજબ સોલાર એનર્જી જનરેટેડ યુનીટ માંથી લાગુ પડતા લોસીસ બાદ કરીને પાવર પરચેઝરના યુનીટના ૧૫ મિનીટના ટાઈમ બ્લોકમાં થયેલ વપરાશનું સેટઅપ આપવાનું નોંધાયેલ છે.

જ્યારે ઉપરોક્ત મુદ્દા નં ૪.૫ મુજબ સોલાર પાવર પ્રોડ્યુસર મે. સોલ્વેવ પાવર્સ સીસ્ટમ દ્વારા સોલાર એનર્જી જનરેટેડ યુનીટ માંથી લાગુ પડતા લોસીસ બાદ કરીને પાવર પરચેઝર મેં. સીસમ ગ્રેનીટો એલ.એલ.પી.ના થયેલ વીજ વપરાશનું સેટઓફ જે તે બિલીંગ સાયકલમાં આપવાનું નોંધાયેલ છે.

૪.૭ અરજદારની હાલની ફરિયાદ મુજબ તેઓને અપાયેલ વીજબીલ માહે મે-૨૩ ના વીજબીલમાં ઉપરોક્ત મુદ્દા નં ૪.૪ મુજબ મેં. આસાન સોલાર પાવર એલ.એલ.પી. દ્વારા જનરેટેડ સોલાર પાવરનુ સેટઓફ આપવામાં આવેલ નથી, જેના કારણે સામેવાળા દ્વારા નીચે મુજબ જણાવેલ છે.

(૧) ફરિયાદી અરજદાર દ્વારા Aasan Solar ના કરાર મુજબ ૧૫ મિનીટમાં નોંધાયેલ વપરાશ મુજબ સેટઓફ આપવાપાત્ર છે પરંતુ અરજદારના એ.બી.ટી. મીટર નંબર GJ4414B ને તા.03.0૬.૨૦૨૩ નાં રોજ પ્રતિનિધિની હાજરીમાં સ્થળ પર ચેક કરતા માલુમ પડેલ કે મીટરની RTC ફેઈલ છે તથા અરજદારનું 0.૨ class નું સેલ્ફ સીટીપીટી યુનિટ L.V. સાઈડે ડીફેક્ટીવ થવાને કારણે મીટરમાં નોધાતા વપરાશમાં ૩.૭૧% સ્લોનેશ નોંધાયેલ હતી, જેથી સદર એ.બી.ટી. મીટર નંબર GJ4414B નો લોડ સર્વે ડેટા મળી શકેલ ન હોવાથી કરાર મુજબ ૧૫ મિનીટ મુજબ સેટઓફ આપવામાં આવેલ નથી, તેમજ સોલાર પ્રોડ્યુસર મેં. આસાન સોલાર દ્વારા જનરેટેડ તમામ ૧૬૭૪૨૬ યુનીટ સરપ્લસ તરીકેનું સર્ટીફીકેટ પીજીવીસીએલની વિભાગીય કચેરી દ્વારા તા.૦૧.૦૮.૨૦૨૩ થી આપવામાં આવેલ છે.

(૨) અરજદારનું એ.બી.ટી. મીટર આરટીસી ફેઈલ હોવાને કારણે નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના ક્લોઝ નં ૬.૫૮ મુજબ સરેરાશ બીલ ૧૩૮૫૫૯૬ યુનીટનું અપાયેલ છે.

(3) ફરિયાદી અરજદાર દ્વારા સોલાર પાવર પ્રોડ્યુસર, મેં. સોલ્વેવ પાવર સીસ્ટમ દ્વારા ઉત્પાદિત થયેલ યુનીટ કરાર મુજબ ૯૨૬૦ યુનીટ જમા આપેલ છે,

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૮ મેસર્સ સીસમ ગ્રેનીટો એલ.એલ.પી. અને મેં. આસાન સોલાર પાવર એલ.એલ.પી. વચ્ચે થયેલ કરારમાં ક્લોઝ નં -૧૧ નીચે મુજબ છે.

| | |
|---|---|
| 11.1 | All disputes or differences between the parties arising out of connection with this agreement shall be first tried to be settled through mutual negotiation. |
| 11.2 | Parties hereto agree to attempt to resolve all disputes arising here under promptly, equitably and in good faith. |
| 11.3 | Each party shall designated in writing and communicate to the other party its own representative who shall be authorized to resolve any dispute arising under this agreement in an equitable manner and unless otherwise expressly provided herein, to exercise the authority of the parties hereto make decision by mutual agreement. |
| 11.4 | In the event that such differences or disputes between the parties are not settled through mutual negotiations within sixty (60) days after such dispute arises then it shall be adjudicated by appropriate commission in accordance with law. |

૪.૯ ઉપરોક્ત વિગતો મુજબ અરજદાર દ્વારા સોલાર પ્રોડ્યુસર મેં. આસાન સોલાર પાવર એલએલપી સાથે થયેલ કરાર મુજબ પીજીવીસીએલ દ્વારા સોલાર પ્લાન્ટના જનરેશનના સેટઓફ વીજબીલ માહે મે-૨૦૨૩ માં અપાયેલ નથી, જે બાબતે સામેવાળાની રજૂઆત મુજબ, તા.03.0૬.૨૦૨૩ ના રોજ બન્ને પક્ષકારો વચ્ચે થયેલ તપાસણી શીટ નં HT MRC – 11445 અને ABT મીટરના રીડીંગ શીટ મુજબ RTC ફેઈલ જણાય છે. ફરિયાદી અરજદાર કે જે પાવર પરચેઝરનું એબીટી મીટર ક્ષતિગ્રસ્ત થયેલ હોવાથી ૧૫ મિનીટના બ્લોકમાં થયેલ વીજવપરાશના સેટઓફની ગણતરી થઇ શકેલ ન હોવાથી પીજીવીસીએલ દ્વારા સેટઓફ આપવામાં આવેલ નથી. સદર બાબતે ઉપરોક્ત કરારના ક્લોઝ નં - ૧૧.૧,૧૧.૨ અને ૧૧.3 મુજબ બન્ને પક્ષકારો વચ્ચે ફરિયાદના નિરાકરણનો પ્રયત્ન કરવો, અન્યથા ક્લોઝ નં-૧૧.૪ મુજબ કાર્યવાહી કરવી.

આમ, ઉપરોક્ત બાબતે ફરિયાદી અરજદાર અને સામેવાળા વચ્ચે થયેલ કરાર મુજબ સદર ફરિયાદના નિર્ણય કરવાની સતા ફોરમના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ થતી ન હોય, અરજદારની ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (આર.સી.પટેલ) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: "જીલ્લા સેવા સદન- ૩, ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧, ફોન નં – ૦૨૮૧-૨૯૯૪૧૨૫

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot